ક્રમાંક:પ્રાશિનિ/છ-૨/સંકલન/૨૦૨૪/૨૬૦-૩૪૯
પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી,
બ્લોક નં- ૧૨/૧, ડૉ. જીવરાજ મહેતા ભવન,
ગુ. રા. ગાંધીનગર. તા. ૨૦/૦૧/૨૦૨૪

પ્રતિ,

- જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, તમામ
- જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, તમામ
- શાસનાધિકારીશ્રી, તમામ

**વિષય:-** શ્રી રામ મંદિર પ્રાણપ્રતિષ્ઠાની ઉજવણી અન્વયે સામાન્ય વહીવટ વિભાગના જાહેરનામાનો અમલ કરવા બાબત

**સંદર્ભ:-** સામાન્ય વહીવટ વિભાગ, જાહેરનામા ક્રમાંક:ગસ/૦૨/૨૦૨૪જસચ/૧૦૨૦૨૩૯૩૦/ઘ. સચિવાલય, ગાંધીનગરનો તા-૧૮/૦૧/૨૦૨૪

ઉપર્યુક્ત વિષય અને સંદર્ભ પરત્વે જણાવવાનું કે, સમગ્ર રાજ્ય તથા દેશમાં તારીખ ૨૨/૦૧/૨૦૨૪ના રોજ અયોધ્યા ખાતે શ્રી રામ મંદિર પ્રાણપ્રતિષ્ઠાની ઉજવણી થનાર છે. રાજ્યના તમામ લોકો આ ઉજવણીમાં ભાગ લઈ શકે તે હેતુસર તા.૨૨/૦૧/૨૦૨૪, સોમવારના રોજ રાજ્ય સરકારની તમામ કચેરીઓ તથા રાજ્ય સરકારની તમામ સંસ્થાઓ અડધા દિવસ માટે બપોરના ૨-૩૦ સુધી બંધ રાખવા માટેનુ જાહેરનામુ પ્રસિધ્ધ થયેલ છે. જેની નકલ આ સાથે સામેલ છે.

આથી તમામ સરકારી અને અનુદાનિત પ્રાથમિક, માધ્યમિક તથા ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં ઉક્ત જાહેરનામાની ચુસ્તપણે અમલવારી કરવા જરૂરી સૂચના આપવા જણાવવામાં આવે છે.

સંયુક્ત શિક્ષણ નિયામક
પ્રાથમિક શિક્ષણ
ગુ.રા., ગાંધીનગર

સંયુક્ત શિક્ષણ નિયામક
શાળાઓની કચેરી
ગુ.રા., ગાંધીનગર

<u>નકલ સવિનય રવાના જાણ સારૂ</u> . . .

- અગ્ર સચિવશ્રી, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- માન. સચિવશ્રી, (પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ), શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- અંગત સચિવશ્રી, માન. મંત્રીશ્રી શિક્ષણનું કાર્યાલય, સ્વર્ણિમ સંકુલ-૧, ગાંધીનગર
- અંગત સચિવશ્રી, માન. રાજ્યકક્ષાના મંત્રીશ્રી શિક્ષણનું કાર્યાલય, સ્વર્ણિમ સંકુલ-૨, ગાંધીનગર

Scanned with CamScanner
Scanned with CamScanner